GJVD020742742024

==================================================================

**મે. પાંચ મા એડી. સીવીલ જજ અને જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટમાં, વડોદરા**

==================================================================

<u>ક્રિમીનલ કેસ નં. 64232/2024</u>

**<u>આંક– ૦૧ લગ્ત હુકમ :–</u>**

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ ચાર્જશીટમાં દર્શાવ્યા મુજબના ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે.

(૨) આ ગુનાના કામે રેકર્ડ તપાસતા આરોપી હાજર થયા બાદ તેને પોલીસ પેપર્સની નકલો આપી ચાર્જ અંગે સાંભળી, તહોમત ફરમાવી આરોપીની પ્લી(જવાબ) રેકર્ડ કરતાં આરોપી ગુનાની કબુલાત કરે છે અને અલાયદી કબુલાત પુરસીસ આપેલ છે. જે કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમજ ખાત્રી કરતાં સદર કબુલાત સ્વૈચ્છીક અને કોઈ પણ દબાણ કે ધાક ધમકી વગર કરેલાનું જણાતાં સદર કબુલાત રેકર્ડ કરવામાં આવેલ છે, આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં હાલનુ કામ હુકમ માટે રાખવામાં આવેલ છે.

(૩) એફ.આઈ.આર., ચાર્જશીટ તથા તેની સાથેના કેસ પેપર્સ વંચાણે લીધા. આરોપીની કબુલાત તથા આરોપી તરફે થયેલ રજુઆત જોતાં તથા કબુલાત પુરસીસના કારણો ધ્યાને લેતાં, આરોપીનો આ પ્રથમ ગુનો છે, તેમજ હવે પછી આવો ગુનો નહી કરે તેવી ખાત્રી આપે છે, આરોપી ગરીબ વર્ગના માણસ છે અને ગુનો કર્યા અંગે પસ્તાવો તેમજ અફસોસ થાય છે, તેમ જણાવી દયાની અરજ ગુજારેલ છે. તમામ સંજોગો જોતાં આરોપી ઉપર દયા બતાવી હળવી સજા કરવા ખાસ અને પુરતા ગણી શકાય તેવા કારણો અને સંજોગો છે તેવું આ કોર્ટનું નમ્રપણે માનવું છે. રેકર્ડ ઉપર આવેલ તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિને ધ્યાને લઈ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નિયત કરેલી સજા કરતાં ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય, તેમજ કાયદાનો સજા કરવા પાછળનો સુધારાત્મક (રી–ફોર્મેટીવ)

હેતુને ધ્યાને રાખી, આરોપીની કબુલાત અને દયાની અરજ ગ્રાહ્ય રાખી હળવી સજા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે, તેવું મારૂં માનવું છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુ ક મ</u>**

(૧) આ કામના આરોપી **રાધાબેન વા/ઓ વિજયભાઈ ખોડાભાઈ માળીને** તહોમતનામામાં દર્શાવેલ **પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(એ)** ના ગુના માટે દોષિત (પ્લીડ ગીલ્ટી) ઠરાવી સી.આર.પી.સી.ની કલમ–૨૪૧ મુજબ રૂ. ૧૦૦/– (અંકે રૂપિયા એકસો પુરા)નો દંડ ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન–૨ (બે) ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૨) આ કામે મુદ્ધામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો પ્રોહીબીશન મુદદામાલ દારુ અંગે અગાઉ કોઇ હુકમ કરાયેલ ન હોય તો અપીલ સમય પૂર્ણ થયેથી તે મુદદ્દામાલનો નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ અન્ય મુદદામાલ જો કબ્જે કરવામાં આવેલ હોય અને તે અંગે અગાઉ કોઈ હુકમ થયેલ ન હોય તો અરજી થયેથી નિયમ મુજબ કાર્યવાહી કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલત(સ્પેશ્યલ સીટીંગ)માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

જીલ્લો :– વડોદરા
તા.૧૪/૦૯/ ૨૦૨૪
જે.એ.મકવાણા

**( દિપાલી હર્ષ દાસાણી)**
**(દિપાલી મુકુંદરાય શેઠ )**
**પાંચમાં એડી. જ્યુડી.મેજી.ફ.ક.,વડોદરા**
**વડોદરા**
**CODE NO.GJ01631**

દંડ પાવતી નં. .....................................
વસુલ દંડની રકમ રૂા.૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) તા.૧૪/૦૯/ ૨૦૨૪

નાઝર,
ચીફ જ્યુડી.મેજી.કોર્ટ,
વડોદરા